જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૮/૦૭/૨૦૧૮ રવિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૯૦/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૮ કેસ કરી, ૮૨ વ્યક્તિઓને ઝડપી, ૫૭૩ લીટર દેશી દારૂ, ૩૪૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૧૩ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૫૧ બિયર ટીન, ૨ સ્કુટર, ૨ મોટર સાયકલ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૮ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૫,૭૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૯૧/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૪૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૪૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડી અને વિશ્વાસઘાત :-** **સમાચાર યાદી નં.૧૨૯૨/૧૮**

**ક્રાઈમ બ્રાન્ચઃ** તુષાર જીતેન્દ્રભાઇ પંડ્યા (ઉ.વ.૩૫) (રહે. ઇશ્કોન ફ્લાવર, લાલ ગેબી આશ્રમ પાસે, ધુમા) એ તા.૭/૭/૧૮ નારોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૬/૧૮ કલાક ૫/૦૦ થી ૫/૨૦ વાગ્યા દરમ્યાન ઓનલાઈન ઈનરનેટના માધ્યમથી આરોપી મોબાઇલ નંબર ૭૨૮૯૮૩૯૬૦૨ના ધારકે તુષાર પંડ્યાને ફોન કરી એસ.બી.આઇ. ક્રેડીટ કાર્ડ વિભાગમાંથી બોલતા હોવાનુ જણાવી વિશ્વાસ આપી ઓ.ટી.પી. નંબર મેળવી લઇ ઓનલાઇન ઇન્ટરનેટથી રૂપિયા ૩૦,૦૦૦/- છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.બી.બારડ ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૨૯૩/૧૮**

**નારણપુરાઃ** હસમુખભાઈ દેવચંદભાઈ ગાંધી (રહે. નિધી એપાર્ટમેન્ટ પ્રગતિનગર નારણપુરા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૭/૧૮ બપોરના ૩/૩૦ તા.૭/૭/૧૮ કલાક ૧૧/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૫૪,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૫૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.કે.સુરતી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૨૯૪/૧૮**

**કૃષ્ણનગરઃ** ભરતભાઇ ગણપતલાલ મોદી (ઉ.વ.૧૯) (રહે. દિવ્ય જીવન સત્વ નિકોલ રોડ) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૭/૧૮ બપોરના ૧૨/30 વાગ્યાના સુમારે કઠવાડા રોડ મુરલીધર કોમ્પેલક્ષ દુકાન નં ૨૨ વી- ગોલ્ડ નામની પોતાની દુકાને ગ્રાહક બની અજાણ્યા બે પુરૂષ આવ્યા હતા. આ પુરૂષોએ (૧) સોનાની ચેઈન નંગ-પ કિમત રૂપિયા ૧,૯૦,000/- (૨) સોનાની વીટી નંગ-૧૧ કિમત રૂપિયા ૨,૪૦,000/- (૩) સોનાની બુટ્ટી નંગ-૧૧ કિમત રૂપિયા ૧,૯૦,000/- મળી કુલ કિમત રૂપિયા ૬,૨૦,000/- કઢાવી લેવાનુ કહી સાઈડમાં મુકવાનુ જણાવી ચાંદીનો સિક્કો ખરીદી કરી ચાંદીના સિક્કાના કિમત રૂપિયા બસો પચાસ આપી દિઘેલ અને દાગીનાનુ બિલ બનાવી આપવાનુ જણાવતા ભરતભાઈ બિલ બુક શોધતા હતા દરમ્યાન ભરતભાઈની નજર ચુકવી આ બે અજાણ્યા પુરૂષો સાઈડમાં મુકાવેલ સોનાના દાગીના ચોરી કરી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.દવેરા ચલાવે છે.

**આનંદનગરઃ** નીરવભાઇ દિનેશચંદ્ર પટેલ (રહે. સહજ સેલિટેર એપાર્મેન્ટ એ.પી.એમ.સી.માર્કેટ સામે વૈશાલી ટાઉન શીપની બાજુમા ન્યુ વાસણા) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૭/૧૮ સાજના ૬/૧૫ થી ૬/30 વાગ્યા દરમ્યાન આનંદનગર ૧૦૦ ફુટ રોડ ટ્વિન્કલ કોમ્પ્લેક્ષ સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી બેગની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં ટેબલેટ સાથે કુલ રૂપિયા ૫૫,000/- મતા હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી હનીફભાઈ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૨૯૫/૧૮**

**સોલા હાઈકોર્ટઃ** હર્ષ યોગેશભાઈ પટેલ (રહે. સહજાનંદ સ્ટેટસ હેતાર્થા પાર્ટી પ્લોટ સામે સાયન્સ સીટી રોડ સોલા) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૭/૧૮ કલાક ૩/00 થી ૪/30 વાગ્યા દરમ્યાન રહેણાંક નજીક પાર્ક કરેલ બજાજ પલ્સર મોટર સાયકલ નંબર જીજે ૦૧ એનવાય ૭૩૬૮ કિમત રૂપિયા ૩૫,000/- અને રોયલ એનફિલ્ડ મોટર સાયકલ નંબર જીજે ૦૧ યુસી ૭૧૨૬ કિમત રૂપિયા ૧,૨૦,000/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પ્રો.મ.સ.ઈ.શ્રી અમીતભાઇ રણછોડભાઇ ચલાવે છે.

**ચાંદખેડાઃ** ભરતભાઇ કાળુભાઇ સાકરેચા (ઉ.વ.૩૮) (રહે. હરીઓમનગર વિભાગ-૧ ડિ કેબીન સાબરમતી) એ તા.૨/૭/૧૮ રાતના ૧૦/00 વાગે ચાંદખેડા મોટેરા વિષ્ણુનગર સોસાયટી પરિમલ હોસ્પિટલ નજીક પોતાની ઈનોવા કાર નંબર જીજે ૧૮ બીજી ૩૯૭૬ કિમત રૂપિયા ૨,00,000/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૩/૭/૧૮ સવારના ૮/00 વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ ભરતભાઈ સાકરેચાએ તા.૭/૭/૧૮ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એસ.ચૌધરી ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૨૯૬/૧૮

**વાડજઃ** તા.૭/૭/૧૮ સાજના ૫/૩૦ વાગ્યાના સુમારે જુના વાડજ રામાપીરનો ટેકરો બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડ પાસે બી.આર.ટી.એસ કોરીડોરમા આરોપી બસના ચાલક નરેશભાઇ બબાભાઇ ચૌધરી (રહે.ગામ ખડોસણ તા.વિસનગર જી મહેસાણા) એ બસ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી અજાણ્યા પુરૂષને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા અજાણ્યા પુરૂષનુ મોત નિપજયું હતુ. આ અંગે વાડજ પોલીસે બસના ચાલક નરેશભાઇ ચૌધરી વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.બી.ગઢવી ચલાવે છે.

ધાબા ઉપરથી પડી જતાઃ- સમાચાર યાદી નં.૧૨૯૭/૧૮

**દાણીલીમડાઃ** અંજના હેંડીક્રાફ્ટ નારોલ ખાતે રહેતા અને ત્યાજ કામ કરતા અરૂણભાઇ શંકરભાઇ બાંડીકેય (ઉ.વ. ૪૭) તા.૨૮/૬/૧૮ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે હેંડીક્રાફ્ટમાં કામ કરતા હતા ત્યારે ધાબા ઉપરથી પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૬/૭/૧૮ સાજના ૭/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.કે.ગોહિલ ચલાવે છે.

આત્મહત્યા :- સમાચાર યાદી નં.૧૨૯૮/૧૮

**નરોડાઃ** અશ્વિનભાઇ પોપટભાઇ હિરપરા (ઉ.વ.૨૬) (રહે.નિધિ સોસાયટી રાધે એપાર્ટમેન્ટ ઠક્કરનગર રોડ) એ અગમ્ય કારણસર તા.૬/૭/૧૮ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે નરોડા દેવી સીનેમાથી નરોડા પાટિયા વચ્ચે ઝેરી દવા પી લીધી હતી. સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યું હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો. શ્રી રમેશભાઇ અમૃતભાઇ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** કૌશીક ગોનુસિંદુ રોય (ઉ.વ.૨૬) (રહે.સાધ્ય કો.ઓ.સોસાયટી રામેશ્વર મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૭/૭/૧૮ સાજના ૫/૦૦ થી ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં કપડુ બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જી.રાવલજી ચલાવે છે.

**નારોલઃ** કેતનભાઇ ડાહ્યાભાઇ સેંગાલ (ઉ.વ.૨૯) (રહે. વેદિકા રેસિડેનસી આકૃતિ ટાઉનશીપની બાજુમાં નારોલ) એ અગમ્ય કારણસર તા.૭/૭/૧૮ સાજના ૬/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતમાં લોખંડના હુકમાં દોરડુ બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પ્રો.એ.એસ.આઇ.શ્રી બ્રીજરાજસિંહ દીલીપસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.